सत्यमेव जयते

**<u>નમુનો– અ</u>**

| | |
|---|---|
| **માંગરોળના મે.એડીશ્નલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.માંગરોળ, જી.સુરત**<br>**આંક – ૩૮**<br>**ચુકાદાની તારીખ : ૨૨/૦૬/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં. ૩૪૨/૨૦૧૬**<br>**કોસંબા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૧૫૫/૨૦૧૫** | |
| ગુનાની વિગત | |
| ફરીયાદીનું નામ | **શ્રી સરકાર**<br>**(મુળ ફરીયાદી દિનેશપંડિત નકુલપંડિત પ્રજાપતિ),**<br>રહે.જસઈ ફામ, નયાશીવા, તા.ઉરન, જી.રાયગઢ, મહારાષ્ટ્ર |
| ફરીયાદી તર્ફે | વિ. એ.પી.પી.શ્રી.એસ. એન. ચાંપાનેરીયા |
| આરોપીનું નામ | **૧. શકીલ મુસ્તફા ખાન**<br>**૨. મોહમદ ઈરફાન જાહેદઅલી ખાન**<br>**૩. હલીમ જલાલુદ્દીન શેખ**<br>રહે. કડોદરા, સદભાવના સોસાયટી, મકાન નં. ૩૦૮ માં ભાડેથી, તા.પલસાણા, જી.સુરત.<br>**૪. અખલાક કમરુદીન શેખ .**<br>**નં. ૧, ૨, ૪** રહે. કડોદરા નિલસ હોટલની પાછળ, તા. પલસાણા, જી.સુરત. |
| આરોપીઓ તર્ફે | વિ.વકીલશ્રી વાય.ડી. વરાછિયા. |

**<u>:: નમૂનો–બ ::</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૦/૦૮/૨૦૧૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૦/૦૮/૨૦૧૫ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૦૮/૦૨/૨૦૧૬ |
| તહોમતનામાની તારીખ | ૧/૦૫/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧/૦૫/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | -- |
| ચુકાદાની તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | ---- |

## :: આરોપીની વિગત ::

| અ નં | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | નિર્દોષ છોડયા /સજા કરી ? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **શકીલ મુસ્તફા ખાન** | ૨૧/૮/ ૨૦૧૫ | ૧૪/૯ /૨૦૨૫ | ઈ.પી.કો. ક. ૩૯૪, ૧૧૪ | નિર્દોષ ઠરાવી છોડી મુકયા | -- | કોલમ નં . ૩ અને ૪ મુજબ |
| ૨ | **મોહમદ ઈરફાન જાહેદઅલી ખાન** | ૨૧/૮/ ૨૦૧૫ | ૧૪/૯ /૨૦૨૫ | '' | '' | -- | '' |
| ૩ | **હલીમ જલાલુદ્દીન શેખ** | ૨૧/૮/ ૨૦૧૫ | ૧૪/૯ /૨૦૨૫ | '' | '' | -- | '' |
| ૪ | **અખલાક કમરુદીન શેખ** | ૨૧/૮/ ૨૦૧૫ | ૮/૯ /૨૦૨૫ | '' | '' | -- | '' |

## :: નમૂનો ક ::
## ફરિયાદી / બચાવ પક્ષ/કોર્ટ વીટનેશ

**એ. ફરીયાદપક્ષ**

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ફ. સા. ૧ | ૨૬ | મનિષકુમાર પરસોત્તમભાઇ પટેલ. | સાહેદ |
| ફ. સા. ૨ | ૩૨ | જીતેન્દ સુભાષ ગામીત | સાહેદ |

**બી. બચાવપક્ષ સાહેદો, જો કોઈ હોય,**

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| બચાવપક્ષ તર્ફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. | | | |

**સી. કોર્ટ તરફે સાહેદો, જો કોઈ હોય,**

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| નથી. | | | |

## ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તર્ફે રજુ થયેલ દસ્તાવેજોની યાદી

**એ. ફરિયાદ પક્ષ**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૨૭ | ઓળખ પરેડનું પંચનામું. |
| ૨ | ૩૩ | ફરીયાદ |
| ૩ | ૩૪ | પંચનામુ |
| ૪ | ૩૫ | પંચનામુ |
| ૫ | ૩૬ | પંચનામુ |

**બી. બચાવપક્ષ**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| બચાવપક્ષ તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી. | | |

**સી. કોર્ટ દ્વારા આંક આપવામાં આવેલ દસ્તાવેજીની યાદી**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

## ડી. મટીરીયલ ઓબ્જેક્ટસ

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

## :: ચુકાદો ::

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૮/૨૦૧૫ ના કલાક ૨૨/૪૦ અરસામાં મોજે અમદાવાદ થી મુંબઈ જતા ને.હા.નં.૮ ઉપર પાલોદ સીમમાં આવેલ રીલાયન્સ પેટ્રોલપંપની સામે આ કામના ફરયાદી પોતાના કબજાનુ કન્ટેનર નંબર એમ.એચ.૪૩.યુ.૭૮૫૧ માં ઝઘડીયા જી.આઈ.ડી.સી. થી ભરુચ ડ્રમ ભરીને મહારાષ્ટ્ર ખાતે તેના ટ્રાન્સપોર્ટમાં ખાલી કરવા સારુ જતી વખતે મોજે મુંબઈ થી અમદાવાદ તરફ જતા ને.હા.નં.૮ ઉપર થી પસાર થતી વખતે આરોપી નં.૧ થી ૪ નાઓએ પોતાના કબજાની એક હુન્ડાઈ કંપનીની એસેન્ટ કાર જેનો રજી. નં. એમએચ. ૦૪. એએકસ. ૭૪૬૮ માં બેસીને એકબીજાની મદદગારી કરી ફરીયાદીના કન્ટેનરને ઉભી રાખી કાર માંથી આરોપીઓએ ઉતરી ફરીયાદીના ડ્રાઈવરની કેબીનમાં ઘુસી ફરીને ઢીકામુકીનો માર મારી "ચલ તેરે પાસ જીતને પૈસે હે વો હમકો દે દે" તેમ જણાવી ત્રણ ઈસમોએ ફરીયાદીને પકડી લીધેલ અને એક ઈસમે ફરીયાદીના પેન્ટ ગજવામાં મુકેલ રોકડા રુપીયા ૧૫૦૦/- જબરજસ્તી થી કાઢી લઈ લુંટ કરી ફરીયાદીને ડ્રાઈવર કેબીન માંથી નીચે ઉતારી રસ્તાની બાજુમાં ઝાડીમાં લઈ જઈ ઢીકામુકકીનો માર મારતી વખતે નજીકમાં રહેતા રહીશો સાહેદોએ જોતા તેઓ ફરીયાદનીને બચાવવા આવતા ચારેય આરોપીનાઓ પોતાની કારમાં બેસી નાસી જઈ ગુનો આચરેલ હોય, ભારતીય ફોજદારી ધારાની કલમ - ૩૯૪, ૧૧૪ હેઠળના ગુન્હા બાબતે આરોપી વિરુધ્ધ ફરિયાદ નોંધવામાં આવેલ હતી. ત્યારબાદ તપાસના અંગે પુરતા પુરાવા જણાતા તપાસ કરનાર અમલદારે અત્રેની અદાલતમાં ચાર્ઝશીટ રજુ કરેલ.

(૨) ચાર્જશીટ રજુ થતાં ગુનાનુ સંજ્ઞાન લઈ આરોપી ને સમન્સ ઈશ્યુ કરતા, આરોપી અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને પોલિસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે પુરી પાડેલ. ત્યારબાદ ફરીયાદપક્ષના કેસને આધારે આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના સબબનુ ત્હોમતનામુ વાંચી, સમજાવીને ફરમાવવામાં આવેલ, અને આરોપીનુ નિવેદન નોંધતા,

આરોપીએ ગુનો કરેલાનો ઈન્કાર કરી, પોતે બચાવ કરવા માંગતા હોવાનુ નિવેદન આપેલ. જેથી સદરહુ કામ ફરીયાદ પક્ષ ના પુરાવા સારૂ મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષે હાલના કામે ઉપરોકત નમૂના નં(ક) માં દર્શાવ્યા મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૪) બાદ ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી એ ફરીયાદ પક્ષ નો પુરાવો પુર્ણ થયેલ હોવાનુ જાહેર કરેલ. ત્યારબાદ ફરીયાદપક્ષના પુરાવાના આધારે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ પોતાના સામેના આક્ષેપીત પુરાવાનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ આવો કોઇ ગુનો કરેલ ન હોવા છતા તેના વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી ની મૌખીક દલિલો સાંભળવામા આવેલ છે. આરોપીપક્ષે મૌખીક દલિલો સાંભળવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, તમામ હકીકતો જોતા આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદપક્ષ નિશંકપણે સાબિત કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| ૧ | શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૮/૨૦૧૫ ના કલાક ૨૨/૪૦ અરસામાં મોજે અમદાવાદ થી મુંબઈ જતા ને.હા.નં.૮ ઉપર પાલોદ સીમમાં આવેલ રીલાયન્સ પેટ્રોલપંપની સામે આ કામના ફરયાદી પોતાના કબજાનુ કન્ટેનર નંબર એમ.એચ.૪૩.યુ.૭૮૫૧ માં ઝધડીયા જી.આઈ.ડી.સી. થી ભરુચ ડ્રમ ભરીને મહારાષ્ટ્ર ખાતે તેના ટ્રાન્સપોર્ટમાં ખાલી કરવા સારુ જતી વખતે મોજે મુંબઈ થી અમદાવાદ તરફ જતા ને.હા.નં.૮ ઉપર થી પસાર થતી વખતે આરોપી નં.૧ થી ૪ નાઓએ પોતાના કબજાની એક હુન્ડાઈ કંપનીની એસેન્ટ કાર જેનો રજી. નં. એમએચ. ૦૪. એએકસ. ૭૪૬૮ માં બેસીને એકબીજાની મદદગારી કરી ફરીયાદીના કન્ટેનરને ઉભી રાખી કાર માંથી આરોપીઓએ ઉતરી ફરીયાદીના ડ્રાઈવરની કેબીનમાં ઘુસી ફરીને ઢીકામુકીનો માર મારી "ચલ તેરે પાસ જીતને પૈસે હે વો હમકો દે દે" તેમ જણાવી ત્રણ ઈસમોએ ફરીયાદીને પકડી લીધેલ અને એક ઈસમે ફરીયાદીના પેન્ટ ગજવામાં મુકેલ રોકડા રુપીયા ૧૫૦૦/– જબરજસ્તી થી કાઢી લઈ લુંટ કરી ફરીયાદીને ડ્રાઈવર કેબીન માંથી નીચે ઉતારી રસ્તાની બાજુમાં ઝાડીમાં લઈ જઈ ઢીકામુકકીનો માર મારતી વખતે નજીકમાં રહેતા રહીશો સાહેદોએ જોતા તેઓ ફરીયાદનીને બચાવવા આવતા ચારેય આરોપીનાઓ પોતાની |

| | |
|---|---|
| | કારમાં બેસી નાસી જઈ ગુનો આચરેલ હોય, ભારતીય ફોજદારી ધારાની કલમ – ૩૯૪, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૭) ઉપર મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | નકારમાં |
| ૨ | આખરી હુકમ મુજબ. |

**:: કારણો ::**

ન્યાયતંત્રના સ્થાપીત સિધ્ધાંત મુજબ પુરાવાનું મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકત અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં આવેલી સાબીતી અને નાસાબિતની વ્યાખ્યા ઉપર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બીજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનુ તહોમત નિશંકપણે પુરવાર કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદનો લાભ લેવા માંગતો હોય તો તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપી અપવાદ અંગેની હકીકતો શંકાથી પર સાબિત કરવાની હોતી નથી. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી સામાન્ય સમજદારી ધરાવતી વ્યકતિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલી ગણાય.

આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે **" State of UP V/s. Wasif Haider (2019) 2 SCC 303"** જેના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૨ તથા ૨૩ માં એમ ઠરાવેલ છે કે,

**22.** In the instant appeals before us, the prosecution has failed to link the chain of circumstances so as to dispel the cloud of doubt about the culpability of the accused-respondents. It is awell settled principle that a suspicion, however grave it may becannot take place of proof, i.e., there is a long distance between “may be” and “must be”, which

must be traversed by the prosecution to prove its case beyond reasonable doubt [See Narendra Singh v. State of M.P., (2004)10 SCC 699].

**23.** This Court in Kailash Gour and Ors. v. State of Assam, (2012) 2 SCC 34 has held that, “44. The prosecution, it is axiomatic, must establish its case against the accused by leading evidence that is accepted by the standards that are known to criminal jurisprudence regardless whether the crime is committed in the course of communal disturbances or otherwise. In short, there can only be one set of rules and standards when it comes to trials and judgment incriminal cases unless the statute provides for anything specially applicable to a particular case or class of cases...”

**<u>ફરીયાદપક્ષનો પુરાવો</u>**

(૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા આંક–૨૬ થી સાહેદ મનિષકુમાર પરસોત્તમભાઇ પટેલનાઓને તપાસેલા છે, તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, "હુ સને ૨૦૧૫ માં મામલતદાર તરીકે માંગરોળમાં ફરજ બજાવતો હતો ત્યારે મને તા ૨૨/૦૮/૨૦૧૫ ના રોજ કોસંબા પોરટે પીએસઆઇ જે એસ ગામીત દ્ધારા આઈપીસી ૩૯૪, ૧૪૪ ના કામે ઓળાખ પરેડ યોજવાનુ જણાવવામા આવ્યુ મેં તા ૨૨/૦૮/ ૨૦૧૫ ના રોજ ૧૩/ ૦૦ કલાકે મારી કચેરીમાં ઓળખ પરેડ નક્કી કરવાનુ જણાવેલ અને આરોપીની ઓળાખ છતી ન થાય તે રિતે મારી સમ રજુ કરવા જણાવેલ આ ઓળખ પરેડ બે પ્રતિષ્ઠઈત અને તટસ્થ પંચોનિ હાજરીમા રાખી હતી જેની વિગત આ મુજબ છે પંચ ૧ શોકતખાન સરદારખાન પઠાણ પંચ ૨ મજિદખાન સરદારખાન પઠાણા આ પંચો હાજર થતા તેઓને મે આ ઓળખ પરેડની સમજ આપી અને તેમને સર્કલ ઓફિસરનિ ચેમ્બરમા બેસાડ્યા ત્યારબાદ ફરિયાદી હાજર થયેલા જેમની વિગત આ મુજબ છે ફરિયાદિ દિનેશ પંડીત નકુલ પંડીત પ્રજાપતી આ ઓળખ પરેડ ફરિયાદી દ્ધારા કરવાની હતી તેઓને મેં મેહસુલ શાખામાં બેસાડ્યા ત્યારબાદ કોસંબા પો સ્ટે ઈન્સ્પેન્કટરશ્રી જે એસ ગામીત દ્ધારા ચાર આરોપીને મારી રૂબરૂ રજુ કર્યો જેની વિગત આરોપીઓને પુછતા તેને નિચે મુજબ જણાવ્યુ આરોપી ૧. હલીમ જલૂલુદિન શેખ ૨. મોહમદ ઈરફાન જાહેદઅલી ૩. સકિલ મુસ્તુફ ૪. અખલાક કમરુદ્દિન આરોપીઓ હાજર થતા તેને મારી ચેમ્બરમા બેસાડ્યા ત્યારબાદ આરોપીઓને મળાતા આવતા ચેહરાવાળા ઉધાઈ ઉમરવાળા ચૌદ સક્શોને મારી ચેમ્બરમાં લાઈનમા ઉભા રખેલા ત્યારબાદ બન્ને પન્ચો મારી ચેમ્બરમાં હાજર થ્યા ઓળખ પરેડમાં હું કારકુન આરોપીઓ અને પંચો હાજર છિયે તે સિવાયના કોઇ અન્ય કોઇ સખ્સો મારી ચેમ્બરમા હાજર ન હતા." સદરહું સાહેદે વધુમાં જણાવેલ છે કે, "ત્યારબાદ પંચ મજિદખાન સરદારખાન્

પઠાણને ફરિયાદિને બોલાવવા મોક્લયા ત્યારબાદ આ કામના આરોપીઓને આ ઓળખ પરેડની સમજ આપી અને તેને પોતાના દેખાવમા અને હેરસ્ટયલ મ ફેર્ફર કરવો હોઇ તો તે મુજબનિ છુટ આપી ત્યારબાદ મે તેને લાઈનમાં ઉભેલા ચૌદ શકશો પૈક્કી કોઇ પણ જગ્યાએ વચ્ચે ઉભુ રેહ્યુ હોઇ ત્યા ઉભા રેવાનિ છૂટ્ આપી તે મુજબ ચારેય આરોપીઓ અલગ અલગ સક્સોની વછે જઈને ઉભા રહ્યા ત્યારબાદ ફરિયાદિને લઈને પંચ હાજર થતા ફરિયાદીએ પોતાનુ નામ દિનેશ પંડીત નકુલ પંદિત પ્રજાપતિ જણાવ્યુ આથી મે આ ફરિયાદીને ઓળખ પરેડની સમ્પુર્ણ સમજ આપી અને પોતે આરોપીઓને ઓળખતા હોઇ તો આ લાઇનમાં ઉભેલા શક્સોને પૈકીના તે સક્સને હાથ પકડિને લાઇનમાથી બહાર કાઢવા જનાવ્યુ જેથી તેણે લાઈનમથી વારાફરતી ચાર શક્સોને હાથ પકડી બહાર કાઢતા તે શકસોને મે તેનુ નામ પુછાતા તેણે તેનુ નામ ૧ ૧ હલીમ જલૂલુદિન શેખ ૨ મોહમદ ઈરફાન જાહેદઅલી ૩ સકિલ મુસ્તુફ ૪ અખલાક કમરુદ્દિન જણાવ્યુ આમ ફરિયાદીએ ઓળખ પરેડ દરમિયાન આરોપીઓને ઓળખી બતાવે છે ત્યારબાદ ફરિયાદિને મેં બહાર જવા જણાવ્યુ. ત્યારબાદ મેં આરોપીઓને પોલીસવાળાના હવાલે કર્યો અને પંચોને પરેડનુ સ્થળ છોડી બહાર જવાનુ જણાવતા તેઓ પણ પરેડનુ સ્થળ છોડી બહાર ચાલ્યા ગયા." સદરહું સાહેદે વધુમાં જણાવેલ છે કે, "ઓળખ પરેડની સમગ્ર કારવાહી દરમિયાન આરોપીઓ લાઇનમા કિયા ઉભા છે તે બાબતે કોઇ પન્ નિશાની કે શારો કરીને સુચન આપવાની શક્યતાને અવકાશ ન રહે તેમજ ઓળખ પરેડની કચદેસરતા જળવાઇ રહે તે રિતે બંધ બારણે સમ્પુર્ણ સાવચેતી સાથે ઓળખ પરેડ ચોજવામા આવેલી આ ઓળખ પરેડ બે પ્રતિસ્થિત અને પંછોની હજરીમા ચોજવામા આવેલી અને તેમની હાજરી મા જે કઇ બન્યુ તેના પ્રતિક રિતે તેમની સહિઓ આ ઓળખ પંચનામા મેલવવામા આવી છે મે ઓળખ પરેડની કાચદેસરતા જળવાઇ તે મુજબ સાચી ઓળાખ પરેડ કરી હતી જેમા મારી સહિ ઓળખી બતાવુ છુ અને આ ઓળખ પરેડ જેને ૨૭– આંક આપવામા આવે છે આ ઓળખ પરેડ ૧૩/ ૦૦થી ૧૪/ ૦૦ સુધિ ચોજવામા આવી હતી."

(૮.૧) બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસ આ મુજબ છે. '' એ વાત ખરી છે કે આ કહેવાતા બનાવની મને કોઇ જાતમાહિતિ નથી એ વાત ખરી છે કે પંચોને કોણ બોલાવા ગચેલ તેવી હકીકત જણાવેલ નથી મને તે વાત બ્બર નથીકે આ પંચો કોસંબા પોલિસ સ્ટેશનના કાચમી પંચો છે એ વાત ખરી છે કે આ ૧ થી ૧૪ ઈસમો જણાવેલ છે તેમને કોણ બોલવા ગચેલ તેવી હકિકત ઓળખપરેડમાં જણાવેલ નથી એ વાત ખરી છે કે આ ૧ થી ૧૪ ઈસમના ઓળખ પુરાવા મે માંગેલ હોઇ અને આ કામે રજુ કરેલ હોઇ તેવુ બનેલ નથી એ વાત ખરી નથી કે સરખા ચેહરા અને ઉચાઈવાળા લોકોને પોલીસ બોલાવીને લાવે છે એ વાત ખરી છે કે મારી ઓફિસની ચેમ્બર અને

મેહસુલ શાખાની ચેમ્બર અલગ અલગ છે એ વાત ખરી નથી કે ઓળખ પરેડ પહેલા આરોપી પંચો ફરિયાદિ અને ૧૪ ઇસમો મેહસુલ શાખાની ચેમ્બરમા બેસેલ હતા એ વાત ખરી નથી કે ઓળખપરેડ મે કાયદા મુજબ કરેલ નથી એ વાત ખરી નથી કે પોલીસે આરોપીની ઓળખ પેહલાથી જ કરાવી દિધેલ હોઇ આરોપીને ઓળખી બતાવેલ હતા.

**(૯)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા આંક–૩૨ થી સાહેદ જીતેન્દ્ર સુભાસ ગામીતનાઓને તપાસેલા છે, તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, " ૨૦૧૫ મા હું કોસંબા પો સ્ટે ખાતે P.S.I તરીકે ફરજ બજાવતો હતો. તારીખ ૨૦/૦૮/૨૦૧૫ ના રોજ કલાક ૨૨.૪૦ ના સુમારે અમદાવાદ મુંબઇ જતા આ કામના આરોપી દિનેશ પંડીતના ઓને આ કામના આરોપીઓ એ આંતરી લઈ ફરીયાદીના પેન્ટના ગજવામાં મુકેલ રોકડા ૧૫૦૦ લુંટ કરી ફરિયાદીને માર મારી નાસી ગયેલ જે બદલ ફરીયાદીની ફરિયાદ આવતા મે આગળની તપાસ કરેલી. ફરીયાદ મારા રુબરુ લેવામાં આવેલી જે અસલ એફ.આઇ.આર તે જ છે. જે રજુ દાખલ આંક ૩૩ આપવામાં આવે છે. આ કામના આરોપી ઈરફાન જાવેદઅલીખઆન પાસે થી લુંટમા ગયેલ ૧૫૦૦ રુપીયા પંચો રુબરુ કબજે કરેલા. આ કામે વિગતાવારના પંચનામા મે કરેલા. જેમા મારી તથા પંચોની સહી ઓડખી બતાવુ છુ જે રજુ આંક–૩૪, ૩૫, ૩૬ આપવામાં આવે છે. આરોપીના ઓડખ પરેડ મે કરાવેલા. પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરેલી. આરોપીઓને જોઇ ઓડખી શકુ. આ કામ નુ રેકોર્ડ જોતા ફરીયાદી ને વારવાર સમન્સ વોરંટ કાઢતા મળી આવેલ નથી."

**(૯.૧)** બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસ આ મુજબ છે. '' એ વાત ખરી છે કે કહેવાતી ફરિયાદને ફરિયાદિએ આરોપીઓના નામ સરનામા કે વર્ણન લખાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ તારીખ ૨૦/૦૮/૨૦૧૫ નો છે. એ વાત ખરી છે કે ઓડખ પરેડ તા.૨૨/૦૮/૨૦૧૫ ના રોજ કરાવેલ છે. એ વાત ખરી છે કે આ કામના પંચો આવારનવાર પંચો તરીકે રહેતા આવેલ છે. એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યા જાહેર રસ્તો છે. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરુધ પુરતા પુરાવા ન હોવા છતા ખોટી તપાસ કરેલ છે.''

**(૧૦)** હાલના કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં, ૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં.૮૫ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટે સતિષ મહેરા વિરુધ્ધ દિલ્હી એકમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાક્ષી તપાસવા તે માત્ર ઔપચારીકતા સમાન છે અને આથી વધુ સાક્ષીઓ તપાસવાથી કે તપાસ

કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આવવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખવું જોઈએ અને તેમ કરીને અદાલતના કિંમતી સમયનો દુર્વ્યય થતો અટકાવવો જોઈએ.

નામદાર સર્વોચ્ચ અદાલતનો તે ચુકાદો કાળજીપૂર્વક અને સન્માનપૂર્વક વંચાણે લેતાં તેમાં જે સિધ્ધાંત ઠરાવેલ છે તેનું હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાક્ષીઓ અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરુરી નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાક્ષીઓ તપાસાઈ ગયા હોય પછી જો તેઓની જુબાનીના આધારે ભાવિ નકકી થઈ શકે તેવું અદાલતને લાગે તો તે તબકકે વિશેષ સાક્ષીઓ તપાસવા તે ઔપચારીકતા જ છે અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી તે છે તે જોતાં વિશેષ પુરાવો આ કામમાં લેવો યોગ્ય જણાયેલ નથી અને જે પણ કાંઈ પુરાવો હાલના કેસમાં રજુ થયેલ છે તેના આધારે પણ આરોપીની કસુર કે સંડોવણી હાલના ગુનામાં પુરવાર થતી નથી. જેથી વધુ સાહેદો નહી તપાસી કોર્ટના મહત્વના સમયનો દુર્વ્યય થતો અટકાવવો જરુરી જણાય છે.

**(૧૧)** વધુમાં, ફરીયાદ જોતાં આરોપી ઉપર શંકા ઉદભવે છે પરંતુ શંકા કાનુની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નીશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી ફરીયાદ પક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. આ કામે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે તથા રેકર્ડ પરના પુરાવાઓ જોતાં આરોપીઓ ઉપર શંકા ઉદભવે છે, પરંતુ શંકા કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં.

આ અંગે નામદાર સુપ્રીમ કોર્ટમાં ઠરાવેલ છે કે, **THE SUPREME COURT OF INDIA** IN CRIMINAL APPEAL NO. 2438 OF 2010 Bijender @ Mandar V/S State of Haryana Dtd : 08.11.

2021.

**17.** Incontrovertibly, where the prosecution fails to inspire confidence in the manner and/or contents of the recovery with regard to its nexus to the alleged offence, the Court ought to stretch the benefit of doubt to the accused. Its nearly three centuries old cardinal principle of criminal jurisprudence that " ***it is better that ten guilty persons escape, than that one innocent suffer***". The doctrine of extending benefit of doubt to an accused, notwithstanding the proof of strong suspicion, holds its fort on the premise that "***the acquittal of a guilty person constitutes a miscarriage of justice just as much as the conviction of the innocent*** ".

વધુમાં ફોજદારી જ્યુરીસ્પ્રુડન્સનો નિયમ છે કે, આરોપીને મળતી શંકાનો તમામ લાભ આપવો જોઈએ. જે અંગે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ઠરાવેલ છે કે, **CRIMINAL APPEAL NO.434436 OF 2020 JAIKAM KHAN VERSUS THE STATE OF UTTAR PRADESH DT- DECEMBER 15, 2021**

**75.** At this stage, we would like to remind ourselves as well as all the Courts in the country the golden principle to be followed in criminal jurisprudence. This Court, speaking through legendry H.R. Khanna, J., in the case of ***The State of Punjab v. Jagir Singh, Baljit Singh and Karam Singh****7* observed thus:

"23. A criminal trial is not like a fairy tale wherein one is free to give flight to one's imagination and phantasy. It concerns itself with the question as to whether the accused arraigned at the trial is guilty of the crime with which he is charged. Crime is an event in real life and is the product of interplay of different human emotions. In arriving at the conclusion about the guilt of the accused charged with the commission of a crime, the court has to judge the evidence by the yardstick of probabilities, its intrinsic worth and the animus of witnesses. Every case in the final analysis would have to depend upon its own facts. Although the benefit of every reasonable doubt should be given to the accused, the courts should not at the same time reject evidence which is ex facie trustworthy on grounds which are fanciful or in the nature of conjectures."

**(૧૨)** આ કામે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા હાલના કામના આરોપીઓએ જ ફરીયાદીને ધમકી આપી રકમ પડાવી લીધેલાની હકીકત રેકર્ડ પર આવેલ નથી. વુધમાં, શોધખોળ કરવા છતાં ફરીયાદી મળી આવેલ નથી જેથી ખરેખર બનાવ સમયે આ કામના આરોપીઓ જ હાજર હોવાની હકીકત શંકા ઉપસ્થીત કરે છે. પંચોને તપાસ

વામાં આવેલા નથી જેથી ખરેખર પંચનામા પંચોની હાજરીમાં થયેલાની હકીકત રકેર્ડ પર આવી શકેલ નથી. તેમજ રૂા.૧૫૦૦ ની રકમ કયા દરની કેટલી ચલણી નોટો હતી તેવી પણ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, રજુ પુરાવો ઘ્યાને લેતા કરવામાં આવેલ આક્ષેપો એક પ્રકારની શંકાથી વિશેષ જણાય આવતી નથી. અને શંકાના આધારે કોઇ આરોપીને સજા કરી શકાય નહિ. આમ, ફરિયાદપક્ષનો પુરાવો ઘ્યાને લેતાં એક સ્પષ્ટ વ્યાજબી શંકાનું નિરૂપણ થાય છે. જેનો લાભ આરોપીઓને આપવો જોઇએ તેવું મારૂ માનવું છે.

**(૧૨)** આમ, આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતા ફરીયાદપક્ષ આ કામના આરોપીઓ વિરુઘ્ધનું તહોમત સાબીત કરવામાં નિ:શંકપણે સફળ થયેલ ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ '**નકાર**'માં ઠરાવી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**◀ હુકમ ▶**

**1 ]** આ કામના આરોપીને ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧)અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ - ૩૯૪ તથા ૧૧૪ મુજબના ગુન્હાના નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**2 ]** આરોપીએ ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય દરમિયાનના **રૂા.૧૦,૦૦૦ (અંકે રૂપિયા દશ હજાર પુરા**) ના જામીન રજુ કરવા.

**3 ]** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ જો કોઈ હુકમ થયેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે, અન્યથા અપીલ સમય વિત્યા બાદ માંગણી થયે માલિકીની યોગ્ય ખરાઈ કરી પરત કરવો અને અપીલ બાદ છ માસ સુધીમાં માંગણી કરવામાં ન આવે તો તેનો ધોરણસર નિકાલ કરવાનો હુકમ

કરવામાં આવે છે.

**4 ]** આજરોજ આરોપી મુદતે હાજર ન હોય, હાલનો ચુકાદો ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ–૩૫૩(૬) અન્વયે આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે.

આ હુકમ આજ રોજ તારીખ **બાવીસ**[મી] માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને જાહેર કર્યો.

**તા.૨૨/૦૬/૨૦૨૬**
**માંગરોળ.**

**( જે. જી. પટેલ )**
એડીશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
**માંગરોળ, જી.સુરત**
**GJ 01699**